ઘણો જરૂરી

તાત્કાલિક/સમય મર્યાદા

પરીપત્ર

જાનં/જિનાની/ઓનલાઈન/NSP/૨૦-૨૧/ 1623

જિલ્લા નાયબ નિયામક(વિ.જા) કચેરી,
નર્મદાભવન, સી-બ્લોક, બીજો માળ,
વડોદરા ફોન નં:-૦૨૬૫-૨૪૨૬૬૨૨
ઈ-મેઈલ:-dydir-ddcw-vad@gujarat.gov.in

તા. ૦૯/૧૦/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ શાળાઓ/કોલેજો/સંસ્થાઓ,
વડોદરા.

વિષય:- વર્ષ ૨૦૨૦-૨૧માં ભારત સરકારની લઘુમતી જાતિની શિષ્યવૃત્તિ National Scholarship Portal (2.0) બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, વર્ષ ૨૦૨૦-૨૧માં ભારત સરકારના લઘુમતિ જાતિઓની શિષ્યવૃત્તિ માટે NSP (2.0) પોર્ટલમાં આપણા જિલ્લાની Online Status પ્રમાણે ૨૧૫૨ શાળાઓ તથા ૭૮ કોલેજો/સંસ્થાઓ મળી કુલ ૨૨૩૦ સંસ્થાઓના રજીસ્ટ્રેશન તેમજ KYCની પ્રક્રિયા પેન્ડીંગ છે. તો બાકી રહેતી શાળ/કોલેજ/સંસ્થાઓને NSP (2.0) પર તાત્કાલિક રજીસ્ટ્રેશન તેમજ KYCની પ્રક્રિયા પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં જણાવવાનું કે, જિલ્લાની નીચે જણાવેલ યોજનાઓ હેઠળ NSP (2.0) પોર્ટલ ઉપર ઓનલાઈન કોલેજ શાળા કક્ષાએથી વેરીફીકેશન માટે પેન્ડીંગ છે. આ બાબતને ગંભીરતા પૂર્વક ધ્યાને લઈ સમયમર્યાદામાં Pending અરજીઓનું Verification કરી સ્ટેટ લેવલે Forward કરવા ખાસ જણાવવામાં આવે છે. શાળા કોલેજ સંસ્થાઓના લેવલે વિદ્યાર્થીઓની Pending અરજીઓની Verification માટેની અંતિમ તારીખ ૧૫-૧૧-૨૦૨૦ છે. જેથી સમયમર્યાદામાં Institute દ્વારા અરજીઓનું Verifcation ન કરવાના કારણે લઘુમતિ જાતિના કોઈ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહેશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળા/કોલેજ/સંસ્થાની રહેશે. વધુમાં આ યોજનાઓનો આપની કક્ષાએથી બહોળો પ્રચાર કરી લઘુમતી વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિનો લાભ લે તે માટે જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે. જે અંગેની યોજનાની પ્રેસનોટ આ સાથે સામેલ છે.

| અનુ.નં. | યોજનાનું નામ | મળેલ અરજી | શાળા/કોલેજ/સંસ્થા લેવલે બાકી વેરીફીકેશન |
|---|---|---|---|
| ૧ | મેરીટ કમ મિન્સ | ૫૦ ફ્રેશ | ૨૦ |
| | | ૧૭૫ રીન્યુઅલ | ૪૯ |
| ૨ | પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ | ૮૩૬ ફ્રેશ | ૪૩૪ |
| | | ૭૩૮ રીન્યુઅલ | ૩૪૨ |
| 3 | પ્રિ. મેટ્રીક શિષ્યવૃત્તિ | ૨૨૨૯ ફ્રેશ | ૧૦૮૯ |
| | | ૬૨૩૩ રીન્યુઅલ | ૧૫૨૩ |

MJoshi

જિલ્લા નાયબ નિયામક (વિ.જા.)
વડોદરા.

બિડાણ-પ્રેસનોટ

E:\desk top files2015\Offices\N.G.SHAH\NSP 2.0\પરીપત્ર ૨૦૨૦-૨૧.docx

<u>નકલ સવિનય રવાના:-</u>

નિયામકશ્રી, વિસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

૧. શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, વડોદરા જરૂરી કાર્યવાહી સારૂ.

૨. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વડોદરા,સાવલી,પાદરા, વાઘોડિયા, ડભોઇ, શિનોર, કરજણ, ડેસર, જિ.વડોદરા. જરૂરી કાર્યવાહી થવા સારૂ.

૩. રજીસ્ટ્રારશ્રી,ગુજરાત ટેકનો.યુનિવર્સિટી અમદાવાદ સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

૪. રજીસ્ટ્રારશ્રી,આયુર્વેદ યુનિવર્સિટી,જામનગર સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

૫. રજીસ્ટ્રારશ્રી,ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

૬. રજીસ્ટ્રારશ્રી,ગુરૂ ગોવિંદસિંહ યુનિર્સિટી,ગોધરા સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

૭. રજીસ્ટ્રારશ્રી, નવરચના યુનિવર્સિટી, વડોદરા સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

૮. રજીસ્ટારશ્રી, સુમનદીપ યુનિવર્સિટી,વડોદરા સંબંધિત તમામ કોલેજને સુચના આપવા સારૂ.

૯. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિ.વડોદરા તરફ જાણ તથા તમામ ધો.-૧૧-૧૨ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ઉક્ત બાબતે જરૂરી સૂચના આપવા સારૂ.

E:\desk top files2015\Offices\N.G.SHAH\NSP 2.0\પરીપત્ર ૨૦૨૦-૨૧.docx

## National Scholarship Portal ની વેબસાઈટ - www.scholarships.gov.in પર ONLINE અરજી કરવાની જાહેરાત

ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હી ધ્વારા અમલીત "મુસ્લીમ, ખ્રિસ્તી, શીખ, પારસી, બૌધ્ધ, જૈન" જેવા ધાર્મિક લઘુમતીના વિધાર્થીઓ માટે "પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના", "પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના" અને "મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના".

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ધાર્મિક લઘુમતી કોમના વિધાર્થીઓ કે જેઓને આ યોજના હેઠળ અગાઉ શિષ્યવૃત્તિનો લાભ મળેલ ન હોય તેવા નવા(FRESH) વિધાર્થીઓ તેમજ અગાઉ આ યોજના હેઠળ લાભ મેળવેલ હોય અને તેઓનો અભ્યાસ ચાલુ હોય અને યોજનાની શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા જુના(RENEWAL) વિધાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૨૦-૨૧ માં ઉપરોકત "પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના", "પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના" તેમજ "મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ યોજના" માટેની શિષ્યવૃત્તિ મેળવવા નીચેની શરતોને આધીન રહી ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ વિધાર્થીઓ ONLINE રજુ કરવાની હોય www.scholarships.gov.in વેબસાઈટ પર જઇ અરજી કરવાની રહેશે. જુના(RENEWAL) વિદ્યાર્થીઓ પોતાની ગત વર્ષની અરજીનો ID નો ઉપયોગ કરીને અરજી કરી શકશે. ગત વર્ષે ONLINE અરજી કરેલ હોય અને શિષ્યવૃત્તિ મંજુર થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ જો જે તે અભ્યાસક્રમ ચાલુ હોય તો વર્ષ ૨૦૨૦-૨૧માં નવા(FRESH) તરીકે ONLINE અરજી કરવાની રહેશે. વિધાર્થીઓ દ્વારા આપેલ બેંક Account શિષ્યવૃત્તિની પ્રકિયા દરમ્યાન બેંક ખાતુ Active રાખવાની જવાબદારી તથા મંજુર થયેલ શિષ્યવૃત્તિની રકમ જમા કરાવતી વખતે બેંક Account બંધ માલુમ પડશે તો તેની જવાબદારી જે તે વિધાર્થીઓ/વાલીની રહેશે. જે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની રકમ ૫૦,૦૦૦/- થી ઓછી હોય તેવા (પ્રિ-મેટ્રિક / પોસ્ટ-મેટ્રિક) ના અરજદારે સાધનિક પુરાવા Upload કરવાના થતા નથી પરંતુ તેઓની Online Submit કરેલ અરજીની નકલ સાથે ડોમીસાઇલ સર્ટીફીકેટ/ રેશન કાર્ડ / લાઈટ બીલ તથા અન્ય જરૂરી સાધનિક પુરાવા શાળા/કોલેજ/સંસ્થા લેવેલે હાર્ડકોપી જમા કરાવવાની રહેશે અને જે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની રકમ ૫૦,૦૦૦/- થી વધુ હોય તેવા (મેરીટ કમ મીન્સ) વિદ્યાર્થીઓએ Online Submit કરેલ અરજીની નકલ સાથે ફરજીયાત ડોમીસાઇલ સર્ટીફીકેટ તથા અન્ય લાગુ પડતા સાધનિક પુરાવા પોર્ટલ પર અપલોડ કરવાના તેમજ શાળા/કોલેજ/સંસ્થા લેવેલે હાર્ડકોપી જમા કરાવવાની રહેશે.

| યોજનાનુ નામ | વિધાર્થીઓએ નવા (FRESH) / જુના (RENEWAL) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ | શાળા/કોલેજ/સંસ્થાઓએ નવા(FRESH) / જુના(RENEWAL) અરજીઓ અને Defect થયેલી અરજીઓને ONLINE Verification કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|
| પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | ૩૧/૧૦/૨૦૨૦ | ૧૫/૧૧/૨૦૨૦ |
| પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | ૩૧/૧૦/૨૦૨૦ | ૧૫/૧૧/૨૦૨૦ |
| મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના | ૩૧/૧૦/૨૦૨૦ | ૧૫/૧૧/૨૦૨૦ |

શાળા/કોલેજ/સંસ્થાઓએ કરવાની પ્રકિયા :-

શાળા કોલેજ/સંસ્થાઓએ પોતાના ONLINE એકાઉન્ટમાં લોગીન થઇ SCRUTINY ની પ્રકિયા કરવાની રહેશે. જેમાં વિદ્યાર્થીની અરજીની ચકાસણી કરી તેને ઉપરોકત આપેલ સમય મર્યાદામાં ONLINE ફોરવર્ડ કરવાની રહેશે. જો શાળા કોલેજ/સંસ્થાએ આગળની ONLINE પ્રકિયા કરી ફોરવર્ડ કરેલ ન હોય તો વિદ્યાર્થીની અરજી પર આગળની પ્રકિયા થઇ શકશે નહિ જેથી શાળા કોલેજ/સંસ્થાઓએ ખાસ પોતાનો આઇ.ડી. તથા પાસવર્ડ જિલ્લા/રાજ્યકક્ષાએથી મેળવી લેવાના રહેશે. જે શાળા કોલેજ/સંસ્થાઓએ ઉપરોક્ત WEBSITE માં પોતાની કોલેજનું લિસ્ટમાં નામ ન હોય તો તેવી શાળા કોલેજ/સંસ્થાઓએ જિલ્લા કચેરીનો સંપર્ક કરીને રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. National Scholarship Portal પર Institute Login માં જઇ Operational Manual માં આપેલ To Fill Registration Form માં રહેલ સુચન મુજબ વર્ષ ૨૦૧૯-૨૦ ના કાર્યરત આઇ.ડી. તથા પાસવર્ડનો ઉપયોગ કરી વર્ષ ૨૦૨૦-૨૧ માટે Institute Registration ની પ્રકિયા કરવાની રહેશે. નવા આઇ.ડી. તથા પાસવર્ડ મેળવ્યા બાદ Login થઇ શાળા/કોલેજ સંસ્થાઓએ ફરજીયાત પોતાની Profile Update કરવાની રહેશે.

શાળા કોલેજ/ સંસ્થા દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧ માં Institute Login માં જઇ ફરજીયાત Profile Update કરવાની રહેશે, ત્યારબાદ Administration → Add Update Details → Add Annual Course Fee Option માં જઇ આપની શાળા કોલેજ/સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમોની વર્ષ વાર ફી ની Details જેવી કે Annual Admission Fee, Tuition Fee, Others Fee, શાળા કોલેજ/સંસ્થાઓએ જ Entry કરવાની રહેશે.

આ શિષ્યવૃત્તિ યોજનાની વધુ વિગત તથા Guidelines નીચે દર્શાવેલ WEBSITE પરથી મેળવી શકાશે

1) www.scholarships.gov.in 2) www.minorityaffairs.gov.in 3) https://sje.gujarat.gov.in/ddcw/ → કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ

ONLINE અરજીમાં UPLOAD કરવાના થતા આધાર-પુરાવા: -

- આધાર કાર્ડ / Enrolment ID (ફરજીયાત) (Mandatory)
- ગુજરાત રાજયના નિવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર (ડોમીસાઇલ સર્ટીફીકેટ/ રેશન કાર્ડ/ લાઈટ બીલ)
- નવા(FRESH) અને જુના(RENEWAL) વિદ્યાર્થીઓએ છેલ્લી પાસ કરેલી પરીક્ષાની માર્કશીટની નકલ (ફરજીયાત)
- વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો (ફરજીયાત)
- વિદ્યાર્થીના ધાર્મિક લઘુમતી હોવા અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો / સ્વપ્રમાણિત નકલ (ફરજીયાત) (ઉપરોકત WEBSITE ન ૨ માં આપેલ નમુના પ્રમાણે)
- વિદ્યાર્થી જે વર્ષ માટે શિષ્યવૃતિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ટ્યુશન ફી, પરીક્ષા ફી તથા પ્રવેશ ફી ની પહોંચની ખરી નકલ (ફરજીયાત)
- વિદ્યાર્થીની બેન્ક પાસબુકની નકલ (ફરજીયાત)
- વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ

એમ.એ.નિનામા (IAS)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર